# કુલીન કાન્તા

## અથવા

# વનરાજ વિજય

પ્રકાશક:- મુંબઈ ગુજરાતી નાટક મંડળ

૨
૦૭૯૪૫

ઈ.સ. ૧૮૮૧

# કુલીન કાન્તા

અથવા

## વનરાજ વિજય.

આવૃતિ ત્રીજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

**મુંબઈ ગુજરાતી નાટક મંડળી.**

(સર્વહક્ક સ્વાધીન.)

મુંબઈ:

પારસી પ્રિંટિંગ પ્રેસ.

સને ૧૮૯૧. સંવત ૧૯૪૭

કિંમત રૂ ૦-૨-૦

# પાત્રો

પનરાજ............જયચંદ્રનો પુત્ર.

જયચંદ્ર............પાટણનો રાજા.

સુરસેન...........જયચંદ્રનો મિત્ર, સાળો, સેનાધિપતિ તથા મંત્રી.

ભુવનાદિત્ય.........કલ્યાણનો રાજા.

કરણ ...............ભુવનાદિત્યનો પુત્ર.

હરદાસ ............સુરસેનનો મિત્ર.

રત્નદાસ ............કરણનો અપકૃત મિત્ર.

યૌવનશ્રી...........જયચંદ્રની રાણી.

કાન્તા ..............સુરસેનની પત્ની.

તરલા ..............યૌવનશ્રીની દાસી.

ભીલો ભીલડી, યોદ્ધા, નગરવાસી જનો, સેવકો, દાસી, પ્રતિહાર, વારાંગનાઓ વગેરે.

# નાટકનો ટુંક સાર.

## અંક ૧ લો.

સુરસેન ગુજરાતપર ચડી આવેલા ભુવનાદિત્ય રાજાને હરાવી હમણાંજ પાછો આવ્યો છે. બીજે દિવસે તેને ઘેર તેને માન આપવા માટે રાજા જયચંદ્ર પધારનાર છે. એટલા માટે સુરસેનની પત્ની કાન્તાએ તૈયાર કરાવેલો મંડપ બતાવવા સુરસેનની સાથે કાન્તા આવે છે. જયચંદ્રને ભુવનાદિત્ય સવારે ચડી આવવાનો છે એવી ખબર મળતાં તે સુરસેનને તેડાવે છે. રાજાની આજ્ઞાથી સુરસેન પોતાની ગર્ભવતી બેન યૌવનશ્રીને અને તેની સેવા કરવા માટે પોતાની સ્ત્રી કાન્તા અને દાસી તરલાને વનમાં મૂકી આવે છે. વનમાંથી પાછાં ફરતાં તેને કાન્તા અટકાવે છે ત્યારે પોતાની હયાતીની સાબીતી બતાવનારો પોતાના કંઠમાંનો હાર કાન્તાના કંઠમાં પહેરાવે છે. એ હાર તૂટતાં સુરસેનનું મૃત્યુ સમજવાનું હતું, પાછળ પાટણમાં જયચંદ્રનું યુદ્ધમાં મૃત્યુ થાય છે. સુરસેન પોતાના મિત્ર હરદાસની ભલામણુથી કેદ પકડાય છે.

## અંક ૨ જો.

હરદાસ અને રત્નદાસ સુરસેનને પાટણુની ગાદી પર લાવવા ઇચ્છે છે. રત્નદાસ એટલા માટે કે, તેને કોઈ સ્ત્રી સાથે પ્રેમ હતો, તે સ્ત્રીપર કરણે બળાત્કાર કરી જુલમ ગુજારવાથી તે મરણુ પામેલી, તેથી કરણુને મારી નાખવાને તે ઇચ્છતો હતો. હરદાસ એટલા માટે કે સુરસેનની પત્ની કાન્તાપર એક વખત તેની નજર બગડી હતી, તેથી સુરસેન કાંઇ ક્રોધે ભરાયો હશે એમ તેને લાગેલું, જેથી તેનાપર ઉપકાર કરી તેની પ્રીતિ તે ફરીથી મેળવવા ઇચ્છતો હતો. યુક્તિ શોધતાં રત્નદાસે હરદાસને જણાવ્યું કે જો કાન્તાને પકડી કરણુને તાબે કરીએ તો તેથી તે પતિવ્રતા છે એમ સાબીત થવાથી સુરસેનનો તમારાપરનો શક ઉડી જઇ તમારી મૈત્રી ફરીથી જોડાશે. આ પરથી

કરણ, હરદાસ અને રત્નદાસ કાન્તાને પકડવા વનમાં જાય છે. યૌવનશ્રી, કાન્તા અને તરલા નહાવા આવેલાં છે. તેમાંથી તરલાને કાન્તા અને કાન્તાને યૌવનશ્રી જાણી અનુક્રમે કરણ અને રત્નદાસ ઉપાડી જાય છે. કાન્તાને પકડયા પછી હરદાસને પશ્ચાત્તાપ થાય છે અને તેથી તેને જલદી છોડાવવા માટે તે સુરસેનને કેદમાંથી મુક્ત કરવા જાય છે. પણ સુરસેન ત્યાર પહેલાંજ નાસી ગયલો છે. સુરસેન વનમાં આવે છે ત્યાં તેને કાન્તા તથા તરલા ગુમ થવાની અને યૌવનશ્રીએ પુત્ર (વનરાજ) ને જન્મ આપ્યાની ખબર મળે છે. તે યૌવનશ્રીને જયચંદ્રના મરણના સમાચાર આપી, તેને ભીલોને ભળાવી, કાન્તાની શોધમાં જાયછે.

રત્નદાસ ધારે છે કે કરણ હવે કાન્તાની સ્નેહમાં પડશે તેથી રાજ્ય સર્વ મારૂંજ થશે માટે તેમાં હરદાસ જેવા ભાગીયાની જરૂર નથી, એટલા માટે તેને કરણ પાસે મારી નખાવવા સારૂ તે, સુરસેનને હરદાસેજ નસાડી મૂકયો એમ કહી, કરણને ભંભેરે છે, અને દૂધમાં ઝેર દેવાનું ઠરાવે છે.

કરણના મહેલમાં આવ્યા પછી એકાદ દિવસ સુધી કાન્તા અને તરલા બેશુદ્ધ રહ્યાં હતાં. કરણ છેવટે તરલાને જગાડે છે. દાસી લાલચને વશ થઇ કરણને પરણવાનું સ્વીકારે છે અને કાન્તાને પણ ફસાવવા વચન આપે છે. કાન્તા જાગ્યા પછી તરલાને કાઢી મૂકે છે.

## અંક ૩ નો.

શોધ કરતાં દશ વર્ષ વીતી ગયાં, પણ સુરસેનને કાન્તાનો પત્તો મળ્યો નહી. હાલ એક વર્ષથી તેણે વનરાજને પોતાની સાથે રાખવા માંડેલો છે. તે કરણના બે માણસને સુરસેન પાસે પકડી લાવે છે. એ માણસો પાસેથી કાન્તા કરણના મહેલમાં હોવાની સુરસેનને ખબર મળે છે. કાન્તાને છોડાવવા માટે પાટણપર એકદમ હલ્લો લઈ જવાનો તે વિચાર કરે છે.

આગળથી કરેલા સંકેત મુજબ હરદાસને ઝેર દેવાનો પ્રયત્ન કરવામાં આવે છે, પણ ઝેરવાળો પ્યાલો દારના ઘેનમાં

રત્નદાસ પીએ છે ને મરણ પામેછે. કરણને એ ખબર પડતાં હરદાસને મારવા માણસો મોકલે છે તેથી તે નાસી જાયછે.

તરલાએ આજ સુધી કાન્તાને ન સમજાવી તેથી કરણ તેને મારી નાખવાની ધમકી આપી સમજાવવાનું કહે છે, અને પોતે કાન્તા પાસે જાય છે. કાન્તાને તે બાઝવા જાય છે એટલે તે ખંજરથી પોતાનો જીવ આપવા તૈયાર થાય છે, એથી કરણ તે વેળા તો પાછો ફરે છે.

સુરસેન વનમાં એકઠા કરેલા યોદ્ધાઓને સજ્જ કરે છે એટલામાં હલ્લાની ખબર યૌવનશ્રીને આપી પાછો આવતો વનરાજ વનમાં ભટકતા હરદાસને ત્યાં પકડી લીયે છે. હરદાસને સુરસેન હલ્લાનો વિચાર જણાવી કાન્તાને પાટણમાં કયે સ્થળે રાખી છે તે જોવા મોકલે છે. દાસી તરલા કરણની ધમકીથી ડરીને કાન્તાના કંઠમાંનો સુરસેને વનમાં પહેરાવેલો હાર કાપવા એવા વિચારથી જાય છે કે, પતિનું મૃત્યુ થયું જાણી કાન્તા કરણને વશ થાય, કાન્તા ઉંઘે છે તે વેળા તે એ હાર કાપે છે પણ એ પાપનો તાપ તેનાથી જીરવાનો નથી. તે હાર કાપી કરણ પાસે જતી હતી એટલામાં સુરસેનની આજ્ઞા મુજબ તપાસ કરવા આવેલો હરદાસ તેને મળે છે. તેથી તે ગભરાય છે અને બધી વાત હરદાસને કહી દે છે. હરદાસ તેને કરણને મારી નાખવાનું સમજાવે છે અને પોતે કાન્તા સતી થાય તે પહેલાં સુરસેનને તેડી લાવવાનું કહી જાયછે.

કાન્તા હાર તૂટેલો જોતાં સુરસેનનું મૃત્યું થયું સમજી સતી થવા જાય છે. ચિતામાં પડવા જાય છે ત્યાં સુરસેન આવી, પકડી લે છે. હરદાસ કરણનું શું થયું તે જોવા ગામમા જાયછે. વનરાજ અને યૌવનશ્રી આવી પહોંચે છે. તરલા કરણને ઝેર આપી ગભરાઇ પોતે પણ ઝેર પીએછે અને એવી સ્થિતિમાં શ્મશાનમાં આવી પહોંચે છે, ત્યાં તે મરણ પામે છે. કરણના મરણની ખબર જાણી તેનું લશ્કર વનરાજને રાજા ઠરાવેછે, તેથી હરદાસની સાથે કરણનો સેનાપતિ મુગટ લઇ આવે છે. સુરસેન એ મુગટ વનરાજને પહેરાવે છે.

# કુલીન કાન્તા

અથવા

## વનરાજ વિજય.

---:o:---

### ઇશ્વરસ્તુતિ. ૧.

નમું પદે ગિરિજાપતિને.
ચંદ્રલલામ સદા પદ તારૂં એકજ શરણ અમારૂં,
પ્રેમ ધરી, આપ દયાનિધિ સન્મતિને. નમું૦
ભસ્મ ધરી, શિર ગંગ, શોભે ઉમયાજી સંગ,
મચે સંગીત રંગ, બજે તાલ મૃદંગ, ડોલે કંઠે ભુજંગ;
રૂમકઝુમક છુમ તાંડવ કરતાં મચી અખંડાનંદે. પ્રેમ૦ નમું૦

### અંક ૧ લો.

૨.

**કાન્તા**—આજ છે આનંદ આપ પધારીએ,
વાટ જોતી'તી સદૈવ હું બારીએ. આજ૦
પતિતણો જે વિજય તેજ પ્રિયાતણો,
હર્ષ લેશ ન માય; અંગ સુધારીએ. આજ૦
ધન્ય આ દિન વાર, વર્ણન શું કરૂં?
સ્નાન નાથ કરો સુગંધી વારિએ. આજ૦
શું કહું? સેવા કરી જેની તમે,
કોડ પૂર્યા એ પવિત્ર મુરારિએ. આજ૦

૩.

**સુરસેન**—સુંદર શોભા શી બની આ!
મોહિની! માનિની! વદન વિશાળ વારીજાઊંછ. સુ૦
અણિયાળી ઝીણી નજરેથી ચમકી જોતી આમ!
અતિ વિશાળ ચકચક કપાળ શોભિત!

નિવારે કરે પ્રહાર કામના બાણુના !
ધન્ય! ધન્ય! ધન્ય! આહાહાહાહા! શાબાસ! શાબાસ! સું૦

૪.

સુરસેન–
આડી નજર કરી નરમ નિહાળી,
ફરીથી નીચાં નયનો ઢાળી. આડી૦
કોમળ હાથતણી આંગળીએ કર પતિનો તું દાબ દયાળી. આ૦
તાત નિરખતાં હસિ શરમાઇ દૃષ્ટિ દબાઇ લહે તું વાળી. આ૦
આ હૈયામાં હાર જણાવે, 'થાય થડક તે ન ટળે ટાળી.' આ૦

સુરસેન ૫.

આમ નિરખ આ શશિ સુખકારી, સુખકારી તન તાપ નિવારી.
ઉદય થઇને પૂર્વ દિશામાં, અતિ ઉજ્જવલ આ કિરણ પસારી.
બહુ બાળે છે વિયોગી જનને, મનમાં મારી કિરણકટારી.

૬.

કાન્તા–નવિન નવિન ને બહુ સુખદાયક સદા જગતમાં થાજો,
પ્રેમતણા જે દૈવી અંશો, દિન દિન વધતા જાજો,
ચંદ્રકળા વધતી શુક્લ પક્ષમાં જેમ અતિ

૭.

કાન્તા–એ સ્વામી ! કહું શું ?
અરસ પરસ એકમેક તનમનનાં અતિશય,
પ્રિયસાથે સુખ માણે એ૦ રમે, જમે, પાય પિયે પ્રેમે
જમે, જમાડે રંગ રમે, અતિ આનંદે નિશદિન ગાળે,
પાળે ધર્મ, જગતમાં જન્મિ જાણે. એ૦

કાન્તા– ૮.
નાથ જરા રોકાઇ પધારો, આ સુખનો સંયોગ વધારો;
ભોજન કાજ વદાઇ ગયું છે, એ અપરાધ જરાક સુધારો.

૯.

સુરસેન–સુધા સમ પાન કર્યું પ્રીતિનું સદા પ્યારી,
ન રહી ભૂખ તરશ અંતરે જરા મારી. સુધા૦

વહે છે અંતરમાં પ્રેમ સુધાનું વારી,
અતિશય શાન્ત કરે ધર્મને રહી ધારી. સુધા૦
તથાપિ આજ સખી અધર સુધાનું મારી,
કરૂં છું માન હું પ્રિયા મને મનોહારી. સુધા૦

૧૦.

કાન્તા–નિશા આ નિરખોને સ્વામી.
શી શોભે આ ગગને ચંદા હસતી ભુમિ સામી! નિ૦
ચૈત્રતણી નવ જાય રસીલી વ્યર્થ હૃદય ગામી–નિ૦

૧૧.

સુરસેન–પ્રિયા રજાતુ દે હવે વખત વીતી જાય છે,
સ્નેહી સમીપે ઉભતાં સમય ના જણાય છે. પ્રિયા૦
રીત એ છે પ્રીતમાં સમય નહિ કળાય તે;
વર્ષ એક પ્રીતમાં પળ સમું મનાય છે. પ્રિયા૦
પ્રીય થકી છુટાં પડયે ચિત પછી ચીરાય છે;
વિયોગની પછી તે પળ વર્ષ તુલ્ય થાય છે. પ્રિયા૦

કાન્તા– ૧૨.

આહા હૃદય આ શીદ મારૂં રે મુંઝાય છે?
સુઝે નહીં કયમ અંતરે આ દાહ થાય છે? આ:હા૦
નાથને વિનવ્યા હતા મેં ભોજન લેવા માટ;
ના લીધું ચાલ્યા ગયા. તેથી થયો શું ઉચાટ?
ના, ના, હૃદય એથી નહીં મારૂં દુખાય છે. સુઝે૦ આ:હા૦
શાં અશુભની સૂચના આ, ના જણાય જરાય.
ઇશ હે કરૂણાનિધિ કરજે અમારી સ્હાય,
આપત્તિને હણનાર સત્વર તું ગણાય છે. સુઝે૦ આ:હા૦

૧૩.

જયચંદ્ર–પ્રભુ તુજ ગતિ અકળ. કળી ન શકાય કોથી,
અખિલેશ્વર સદા સહાયકારી રે'જો રે. પ્રભુ૦

તરણાંનો મેરૂ મેરૂ તરણું કરે સ્હેજે,
સેવક સંભાળ સ્વામી વ્હારે ચડી લેજોરે. પ્રભુ૦

જયચંદ્ર ૧૪.

બાહુ મુજ ફરકરે સુકનને સૂચવે,
રે' સુભગ સુકન મુજ સ્હાય થઇને.
શુર બહુ પૂર ચકચુર હું મન વિષે,
દુશ્મનોને કરૂં ચુર જઇને.
શુર સામંત સુરસેન વીરધીર જે,
જાય વનમાં પ્રિયાને લઇને,
"નિર્ભય સ્થળ વિષે મૂકી ઝટ આવશે,"
જાઉં લડવા ચડી એમ કહીને.

૧૫.

સુરસેન–તુજને પાલણહાર, હૈયામાં હારી હડે,
કેવી થઇશ ખુવાર! તારે ચંદ્ર ગ્રહ્યો દિસે! (મ.ન.)
આજ સુધી પરહસ્ત ગઇ નથી ગુજરાત તું,
સુખનો સૂરજ અસ્ત હાય થતો તારો દિસે.

સુરસેન ૧૬.

નિર્બળ શત્રુ સબળ રાજપર આજ ચડીને આવે છે!
સિંહ સમાન શુરાને આજે શિયાળવું ગભરાવે છે!!
કેમ બોલોછો રાજાજી આવી કાયરની વાણી? કેમ૦
આપની મતિ કદાપિ આવી ન્હોતી જાણી,
હવે લાગે છે કે, હાય, થવા બેઠી હાની. કેમ૦

૧૭.

યૌવનશ્રી–નાથ! આ અનાથને મૂકી શું ચાલ્યા જાઓરે,
મૂકી શું ચાલ્યા જાઓ સ્વામી શાદને રીસાઓરે–નાથ૦
કરગરી કહું છું નાથ, જોડી ઉભી છું હું હાથ,
જે થયો અપરાધ તે ક્ષમા કરી મનાઓરે–નાથ૦

નિરાશ ના કરોજી આશ માગું પ્યારા આપ પાસ,
કૃપાળુ છો પતિ તમે માયાળુ મન થાઓરે-નાથ.

સુરસેન- ૧૮.

દીધો નથિ પગ બ્હાર મ્હેલથી, વનનાં દુઃખ કયમ સહેશે,
હાય! વચન સુણતા એ મુજને ક્રૂર હૃદયનો કહેશે.
શું કરૂં રે એની, સહી ન શકુ પીડા એની.

૧૯.

નેપથ્યમાં-અંધારૂં થયું પાતળું નભવિષે તારાદ્યુતિ નીતરી;
વીણા તાલ મૃદંગ રાગ તરિને કાને પડે આ ઘડી;
રાત્રિ આ, ઝણણાટ જેમ કરતી, વેગે ઉડી જાય છે;
નિદ્રાની મીઠી પાંખમાં જન બધા જંપે પ્રશાન્તિ વિષે.

મણીલાલ નભુભાઇ.

૨૦.

યૌવનશ્રી-મન મારૂં હાય મુઝાયરે હું કયાં જઇ કહું ?
મારો જીવ બહુ ગભરાયરે હું કયાં જઇ કહું ?
આધિ વ્યાધિ ને ઉપાધિ આપે દુઃખ અપાર;
તેમાં આ વિયોગનો પ્રભુ કયમ સેવાયે મારરે.—હુ કયાં૦
શું હતું ને શું થશે એમ આવે અનેક વિચાર;
મનમાં દાવાનળ બળે પ્રભુ બળતીને ઉગારરે.—હું કયાં૦

સુરસેન- ૨૧.

જાણું ભેદ બધા હું, જાણું મનમાં બધી ચિકિત્સાઓ;
મનુષ્યધર્મા છું હું, વેર વળ્યાવિણ મળે નહીં લ્હાવો.
તેથી બુદ્ધિ વિચારી, વનમાં તુજને વિદાય કરવાને;
કાળ ઘણો વિત્યો છે, ઉઠ ઉઠ ધરી હીંમત તું હૈયે. (મ.ન.)

૨૨.

યૌવનશ્રી-અરે ભાઈ, હવે તુ કે' કરૂં હું શું-કરૂં હું શું ?
નથી કાંઈ સૂઝતું તું કે કરૂં હું શું-કરૂં હું શું ?
ધરૂં હું ધીર શી રીતે ? વિચારીને પછી કે' તું;
નહીં આધાર વનમાં જઇ, કરૂં હું શું-કરૂં હું શું ?

કૃપાળુ થા, દયાળુ થા, મને વનમાં તું ના લઇ જા;
વિયોગી થઇ ફરૂં ક્યાં જાઇ, કરૂં હું શું—કરૂં હું શું?

૨૩.

યૌવનશ્રી તથા કાન્તા—
થજે તું સ્હાય ત્રિપુરારિ, અમારી અર્જ ઉર ધારી.
તપો જય ભાનુ આ ભૂનો. થજે સંહાર શત્રુનો.
વિજય છે હાથમાં તારા, પછી શું શત્રુ કરનારા!

સુરસેન— ૨૪.

દુર કર મ્હેની સોક હવે,
જેની સમય તું વિચારીરે—દુર૦
હોયે યોધ્ધો પૂર પરાક્રમી યતો સદા જયવંત
ગર્વ ધરી ન વિચાર કરે તો, પામે દુઃખ અનંત—જેની૦
વનનાં દુઃખ નહિ પડે વેઠવાં તુજને ઝાઝીવાર,
કાલે આવીશ રાજ્યભુવનમાં શત્રુ થાતાં ઠાર—જેની૦

૨૫.

યૌવનશ્રી—મને છાડી આજે કઠણ દિલથી પ્રાણપતિએ,
ડુબાવી છે દુઃખે અતિ ક્રુર થઇ ક્રુર વિધિએ;
પડી આ વેરાને ઉપર નભ ભૂમિ રહી તળે,
મુકી તું એ ત્યાં, ને, ભગિનિ રડતી, સત્વર પળે.
મણીલાલ નભુભાઈ.

૨૬.

યૌવનશ્રી—રાજ તજીને મ્હારાજને, આવી છું વનમાંય,
ચર ચર દાઝું હું ચિત્તમાં, ઝુરૂં છું મનમાંય. રાજ૦
સ્વામીતણી ગતિ શી થશે? શા થશે તેના હાલ?
શિવશિવ, હેશિવ! શું કરૂં? બની છું હું બેહાલ. રાજ૦

૨૭.

કાન્તા—ધીરજ રાખોને બેનડી, ધીરે દુઃખ વિસરાય.
ધીર લગીર તજો તમો અમથી કયમરે રહેવાય? બા૦૦

યૌવનશ્રી–આશા ભરી ભાઈ વિનવું, કહું છું છેલ્લી વાર.
નાથને શીશ નમાવીને, કેજે મારા ઝવાર. રાજ૦

૨૮.

સુરસેન–આંખ નહિ આંસૂથી ભરતી,
હાનીકારક શુભ પ્રયાણને બ્હેન ન આચરતી.
આંસુ તુજ આંખેથી ઝરતાં,
નિરખી રોકી શકું ન ચિતને ધીરજ પરહરતાં.

૨૯.

કાન્તા–મનમાં વિપત્તિ અતી થાય.
થાયરે હો પિયૂ! મન૦
શંકાઓ ઉઠે મને અશુભતણી બહુ નાથ,
માટે આપતણો નહીં શકું હું છોડી હાથ. મન૦
કુશળ આપને રાખશે જો કે જગદાધાર,
મને ભરોસો ના પડે તેમ છતાં આ વાર. મન૦

સુરસેન– ૩૦.

પ્રેમ ધર્મ બે વચ્ચે, થઇ ત્રિશંકુ સમાન ગતિ મારી;
ધર્મ રાય ભણિ ખેંચે, રાખે રોકી કહ્યા વિના પ્યારી.

લશ્કર– ૩૧.

મારી તોડી ફોડી દુશ્મન,જીતી અંતે આજે બહાદુર શુરવીર નર
પાટણ લીધું સર સર સર. ફરકયો ઝુંડો જયનો યાર.
પડી મુરાદો સઘળી પાર. બોલો સહુ મળિ જયજયકાર.

## અંક બીજો.

૩૨.

વારાંગનાઓ–શોભે છે સખી આજ કરણ મહારાજ.
છબી બહુ સારી રે, જાઉં બલહારી રે!
અમર રહો એ રાજ. શોભે૦

વારાંગનાઓ– ૩૩.

તમે બહુ પ્રિત આણી અમૃતપાણી પીયોને મારા રાજ.
તમે જેમોજ માણી, ધન્ય કે વાણી, સુખની એલહાણી. પી૦
પ્રેમી પ્યાલો જે પીયે, જાણે પ્રેમી રીત;
પ્યાલાને અપમાન આપે, નહિ પ્રેમી તે ખચીત.

એરીત પ્રેમેગવાણી, સ્નેહમાં સમાણી, સુખની એ લ્હાણી. પી૦
પ્યાલામાં જે પ્રેમ છે, નહિ બીજે શિરતાજ,
પીવરાવો પીયો પ્રેમેથી પાટણના મહારાજ.
એવી જગતી જેવાણી, લો મન તાણી, સુખનીએ લ્હાણી. પી૦
પ્રેમી સાથે બેસતાં પ્રેમી પ્યાલો હોય.
ધન્ય ધડી તે દીનને, જેની વાટ પ્રેમી જન જોય.
પ્રેમી વાતપિછાણી, જુગતે લોજાણી, સુખની એ લ્હાણી. પી૦

૩૪.

ગુલગેંદા બન જાઉંગી સૈયા તોરી ગોદી.
જો મેરે પ્યારે કો ભુખ લગેગી,
લડુ જલેબી અચ્છી બરફી બન જાઉંગી. ગુ૦
જો મેરે પ્યારે કો શોખ લગેગા,
તબલા સારંગી છોટી રંડી બન જાઉંગી. ગુ૦

૩૫.

સુરદાસ–નહીં શકું વર્ણવી રૂપ જરી કાન્તાનું,
ઉપમા દેવાને યોગ્ય કશું ન પિછાનું.
જગમાં જે સઘળું રૂપ સાર એ તેનો,
વળિ ધવલતા અને કોમલતા બન્નેનો.
એ દિસે અપ્સરા રંભા ઉર્વશી જેવી,
પૃથ્વીના પટપર અન્ય મળે નહિ એવી.

૩૬.

કરણ–છબી આ છબીલીની નિહાળી શું બીજું કરૂં?
આવી ઉભી આ પાસ મારી ધીર ક્યમ ધરૂં? છબી૦
મીઠી તણો મૃદુ ને રસીલો સ્વર આ શુણાય,
શુણું ન હું રસપુર તો પછિ શું બીજું કરૂં? છબી૦
છબી મનોહર મોહિનીની દ્રષ્ટિ ખેંચી જાય,
પીઊં ન નજરેથી મધૂ તો શું બીજું કરૂં? છબી૦

૩૭.

કરણ–રસ ખૂટયો જૂની થઈ તેમાં તૂટયો મનનો ભાવ,
લાવું કાન્તા ત્યાં સુધી હું લઊં બીજીનો લ્હાવ,
નહીં આનંદ મળે, કાન્તામાં મુજ મન વળે.

૩૮.

યૌવનશ્રી-પ્રભુ હું કેમ કરૂં રે ? શી રીતે ધીર ધરૂં?
નાથ કે ભ્રાતની ભાળ મળી નહિ, કેમ રાખું મન સ્થીર?
ભ્રમિત થઇ મન ભ્રમણે ચાલ્યું, વધી ગઇ છે અધીર.
સુખે હું કેમ ફરૂં રે ? શી રીતે૦
વિયોગ તાપ અમાપ મારાથી સહન નાથ ન થાય.
વણ અગ્નિની ચેહમાં બળતાં જીવ બહૂ અકળાય!
વિના મોતે કેમ મરૂં રે? શી રીતે?
પાપની શિક્ષા પ્રભુ દેતો હોય તો હવે ઘણી થઈ જાણ,
પ્રાણપતિ મુજ દે મેળવી કાં લઈ લે તું હવે પ્રાણ.
નહી પ્રાણ દેતાં હું ડરૂં રે. શી રીતે૦

કાન્તા તથા તરલા- ૩૯.

બાઈ છોડો તમે આ કલ્પાંત. મનમાં ધીર ધરોરે.
નહિ રાખો તનમાં ભ્રાંત, મનમાં ધીર ધરોરે.
જોઈ તમોને બેનડી દિન દિન અધિક ઉદાસ.
દૃઢતા રાખો મન વિષે, આમ નાં કરો અમને નિરાશ. મ૦
નદી કદી માઝા મુકે, સાગરથી ન મુકાય.
સાગર માઝા જો મુકે, કહો જનથી કયમરે જીવાય? મ૦
કાલ સવારે બેનડી, મળશું સાથ સમાજ.
પ્રભુ પ્રતાપે આપને હવે ઝટ મળશે મહારાજ. મનમાં૦

કાન્તા- ૪૦.

આનંદે મંદ વાયુ આ વાયે.
વાયુ આ વાયે બેની, સુખ બહુ થાયે. આનંદે૦
કુસુમ મનોહર તરૂવર ખીલ્યાં, ધન્ય એ પુષ્પ શોભાય! આ૦

૪૧.

યૌવનશ્રી, કાન્તા અને તરલા-

પ્રેમે વિનવીએ માળા પ્રાણુ પ્યારી વાત ખરી તું ઉચ્ચારતી રે.
સુખની દેનારી, ઓદુઃખની હરનારી, શક્તિ મનને તારતી રે.
કાંતેં અબોલા લીધા? મ્હોની અમને ખબર દે વિજય કેહારની રે.

૪૨.

કરણ-મળ્યા વિના લિધું મુજ ચિત્ત જેણે ચોરી,
અહો શું ટળવળે રહી અહીં ચકોરી?

શબ્દ સાંભળી ગઈ શુદ્ધ બુદ્ધ મારી!
છે આધાર એ મમ જીવિત તારનારી.

૪૩.

રૂડિયો–મરે તો માંડવો ઘાલું,
ભાવઠ ભાંગે મારી; આ હો જનમની.
દેતી નથી હખે ખાવા રોટલો;
કજીયો ને કંકાહ કરેસે રાંડ. મરે૦
ડોબાંનું ઘી ખાઇ થઇસે રાભડી;
નથી મને ગણકારતી હવે રાંડ. મરે૦
પુંજા આંતાની સોકરી ઓલી પુંજલી;
પરણું ઇને ઝટ હવે જો રાંડ. મરે૦

૪૪.

રૂડકી તથા પુંજલી–
લુલો લૂલો તે રૂડિયો હુઠોરે.
ઓલ્યો મેપાનો સોકરો હુઠોરો;
એનું મોઢું વાંકું ને હોઠ જાડા. એ ભીલડો!
હાંભળો અસરતની કાણીરે.
ઇતો હાલેસે વાંકો સુકો રે.
ઇને પાદર કાઢી મુકોરે,
ઇને મારો લોઢાંની સુકો. એ ભીલડો!
હાંભળો અસરતની કાણીરે.

૪૫.

રૂડકી–ડીલ વધારી જાણ્યું એકલુરે, એમાં તે સે હું માલરે?
રૂડીયો–સ૫. રાંડ બકે હું આવડુરે? પાડીહ તારી ટાલરે!
રૂડકી–સ૫. તારા જેવા દીકા કૈંક મેરે. તું મને બીવરાવરે.
રૂડીયો–સ૫. પાંહે ઉભીસે પુંજલીરે, ઇમાં ફાવેસે તારે દાવરે.
રૂડકી–સ૫. પોગી હકે નૈં તુ મનેરે, તી કાઢસ કોકનો વાંકરે;
રૂડકી–સ૫. મારીનાખત આજહું તનેરે, પણ મુકું સું જાણીરાંકરે

સુરસેન– ૪૬.

કહું શું આ કેવાં નશીબા હવે કોણ સ્હાય કરેરે?
બ્હાર કરો ને દાસ શરણ રહેરે. કહું૦
બહુ દુઃખિયો થયો, માર્ગ સૂઝે નહિ. આ તે પ્રભુ-શી રીત? હ૦

સુરસેન- ૪૭.

જરા મારૂં કે'વું એની માન.
છું હું ના નાદાન કે હેવાન, છું હેરાન. જરા૦
નિરાધાર વનમાં, ભીલના વતનમાં,
તજી કેમ જાઉં તને, હૈયે શાંતિ હોય મને?
કાન્તાનું શું થયું હશે? ભૂમિની શી દશા થશે?
જીતથી વધે છે હાય, શત્રુનું ગુમાન. જરા૦

યૌવનશ્રી- ૪૮.

હાય! ઇશ તેં કેમ લીધા પ્રાણ મારા!
રહી હું ને ગયા પ્રાણ પ્યારા રે હાય! ઇશ૦
તજી મુજને વ્હાલા નાથ વનમાં,
આપ સીધાવ્યા સ્વર્ગ ભુવનમાં,
આગ સળગાવી પ્રાણ મારા તનમાં રે હાય! ઇશ૦
કેમ રાખું ટકાવી દેહ મારી?
થશે બાળકની હાય શું ખુવારી?
રાજપુત્ર શું ભોગવસે લાચારી રે હાય! ઇશ૦
તજી નાથે, તજી તેમ ભ્રાતે,
હવે જીવું છું માત્ર બાળ માટે,
નથી સ્હાય, થશે શું? એ ઉચ્ચાટે રે હાય! ઇશ૦

૪૯.

યૌવનશ્રી-કુંવરને હાલેરડું વ્હાલું.
છાનો રે' વીર, ધરીને ધીર, ન ભર નેણે નીર.
આવ સુખ પાલે સુવાડું. કુંવર૦
તારી રોવાની ચાલ, લાડકડા બાળ, છાનોરે લાલ.
છાનો છાનો; હું રમાડું. કુંવર૦

૫૦

કરણ-છોડ વ્હેમ કયમ ગભરાય?
કરે ખુવારી શીદ તારી, ઓ પિયારી, મુજ પ્રાણ પ્યારી? છો.
શું સુખ પામી પૂઠ ભમી તેની,
અંગ સરસ કાં નરસ કરે? વશ રહી તેને કાં લાચાર થાય? છો.

કરણ- ૫૧.

તુજ સુરત રહી મન ખટકી.
પ્રાણ સખે, પ્રિય ધન્ય થયો હું, ચટક પ્રીત મનમાં ચટકી. તુ૦

રતન જતન કરી શિર પર શોભે,
તેને કોણ મુરખ દેશે પટકી ? તુજ૦

કાન્તા ૫૨.

અરે પાપી નીચ નારી! કર બંધ જીભ તારી.
અરે હતી પે'લી કેવી સારી? તારી થઇ શું ખુવારી?
આવી વાણી તેં ઉચારી? કશી વાત ન વિચારી? પાપી૦
અરે કુલીન રાણીની સંગ રહીને તું રહીને,
ન બની જરી શુદ્ધ ગુણ લહીને તું લહીને
મટી નહિ નીચ કદી, તજી નહિ લેશ બદી.
પાપી આજ બહુ મદી, મુખે આવું વેણ વદી ? પાપી૦
અરે હતી દશા કેવી તારી-નિરાધાર-દુખીયારી.
દિલ બહૂ દયા ધારી દુઃખથી તને ઉગારી,
નીવડી તું હાય આવી ? સાપના સમાન ફાવી?
પાપે તને લલચાવી. ફોસલાવા મને આવી !
સહુ ન સમાન કદિ જાણ તું નાદાન.
તારો લેત હું તો જાન, પણ આપું પ્રાણદાન.
બસ ખસ દૂર અહિંથી, ન રહે હવે પાસ મારી. પાપી૦

૫૩.

કાન્તા-પ્રભુ મને તું સહાય થા ઉગારી લે આવીને હાં,
કાં પતિ મેળાવ, કાં સંહારી દે આવીને હાં. પ્રભુ૦
વ્રતનું પાલન પ્રભુ છે હવે આધારે તારે.
ડૂબું છું દુઃખના સમુદ્રે તારી લે આવીને હાં. પ્રભુ૦
દ્રોપદીનાં ચીર પૂર્યાં સીતાજીને સહાય કીધી,
હું અબળા પનારે પ્રભુ, ઉગારી લે આવીને હાં. પ્રભુ૦

———:o:———

## અંક ત્રીજો.

સુરસેન= ૫૪.

નથિ સહેવાતો વિયોગ હવે તો, પ્રાણ ધીમે ધીમે હરીલેતો. ન૦
બાળે શીદને ધીરે ધીરે? મ્હોત નથી કયમ સત્વર દેતો? ન૦
ભટકું વનમાં પ્યારીવિના હું, અરજ ઉરે કયમ પ્રભુ નથિલેતો?
બહુ થઇ તાત કૃપાકર કાંઇ, કયમનથિ ભાળ પ્રિયાની કહેતો?ન૦

વનરાજ ૫૫.

મામા આવો જુલમ કાં સહન કરોરે ?
કાં સહન કરોરે? શીદ દુઃખી ફરોરે?
શાને માટે મન શોક ભરો ? મામા૦
આપ પ્રતાપે પહોચ્યું હું આપે,
હાર ખાશું એમ નહીં આપ દીલ ડરોરે, શાને૦ મામા૦
પ્રજા રીબાયે, દુઃખી થાયે,
કેમ તેની નહીં દયા લેશ ઉર ધરોરે. શાને૦ મામા૦
મારૂં કરણને, લાવું ચરણમાં,
વીંખી તોડી ફાડી નાખું તો ભાણેજ ખરોરે. શાને૦ મામા૦

સુરસેન- ૫૬.

ના ડરતી પ્રાણાધાર, આ આવ્યો તુજ પાસે પ્યારી।
કરવા દુષ્ટથિ રક્ષા તારી. મારી શત્રુ હાર. ના૦
થઇ હેરાન બહુ તું આલી, જાણ્યું મેં ન લગાર.
હવે પાશમાં પાપીકેરા નથિં તું ઝાઝી વાર. ના ડરતી૦

૫૭.

કરણ-તનને મનનાં વ્યથા વિકારો સત્વર જેથિ હણાય,
સદા પ્રતી આનંદ થકી આ ભરપૂર તનમન થાય
માટે મધુવારી, નક્કી મોક્ષતણી બારી.

૫૮.

કરણ-તારો ઘાત કરૂં, તારો ઘાત કરૂં; કર્યો મ્હાત મને
શરમ નથી કંઈ પાપિ તને. નીચ નથી સમજાવતી તેને,
જોજે હવે કેવી દુઃખિ બને. કાન્તા પ્યારી કીધી ન મારી,
રહેમ ધરૂં કયમ મારે મને. તારો૦

૫૯.

કાન્તા-હાય કરૂં શું? નાથ પ્રભુજી કયાં ગયા !
મન મોહન, મુજ પ્રાણતણા આધારજો;
સહાય વિનાની સંકટમાં આવી પડી,
ધાઓ પ્યારા લાવી દયા લગારજો. હાય૦
નાથ સમર્થ છતાં થઇ આ મુજની દશા,
હશે ખબર પિયુને એની ન લગારજો;

ક્યાંથી? નહિ તો સાચુ ક્યાં વિશ્વ એ રહે?
ચાલે જો કદિ અવળો સહુ સંસાર જો. હાય૦

૬૦.

કાન્તા–સમજ સહુ ખટપટ મૂકીજ તું !
વ્યભિચારમાં લગાર સાર ન વિચાર,
પાર ઉતાર મનુષ્ય દેહ કરે કાં તું ખુવાર? સહુ૦
અસાર સંસાર, સાર ગમાર ન તલભાર,
જાર! જાર રમી ખમે ઇશ મારા સહુ૦

કરણ– ૬૧.

તારે શરણે રહું હું ચરણે પડીને પ્રાણ. આધાર જીવન હાર રે!
મારે ધિઃકારે કે ન ગણકારે નિશ્ચે તું જાણ. શરણે૦
જીવન હાર આધાર હે પ્યારી છબીલી રંગીલી ગતિ ન્યારી
વિરહનો તાપ અમાપ આપીને મારે છે તું મોહબાણ! શરણે૦

કાન્તા ૬૨.

બુદ્ધિ જે ફરી, કરે નાશ તે ખરી.
ચાલે સારી ચાલે આ સંસાર,
સુખી ત્યાં સુધી રહેશે: નહિ તો સહેશે પીડા તે અપાર.
છે સાચો ન્યાય નિયમ એ, સમજ સમજ એ તું જરી. બુદ્ધિ૦

૬૩.

કરણ–મધુર વચન બોલ બોલ એક વાર,
શિતળ નજર કરી હૃદય તાપ હાર.
મૃત કટાક્ષ બાણે, વચન પાશ બાંધ્યો,
કેમ રીસાવી રે પ્રિયે ? તું છોડ વાંધો.
હૃદય શું તું ચાંપી લે પ્રિયે રિઝાવી,
નમન આ કરૂં, ઉઠાડ હાથ ઝાલી.
નિકર માર મેલિ પાદ મુજ શીશ,
તું મુજ દૈવને મુજ ઇષ્ટ, છે જગદીશ.

કરણ ૬૪.

અબળા તજ અભિમાન–સમજ લે–અબળા૦
ક્રોધ કરી પ્રતિપક્ષ ધરીને હઠમાં ખોઇશ પ્રાણ. સમ૦
એમ બધી મુજ જોઈ હવે તું ઉગરવાનું ન જાણ. સમ૦

સત્ય તો રહ્યું, વ્રત તો રહ્યું, પ્રભુ મહેરથી.
જય છે વિજય. સફળ સકળ જનમ સરસ આહા! રાજ! પ્યા૦

**સુરસેન** ૭૫.

નિરખ પ્રાણપ્યારી વનરાજ રાજ.
યુવરાજ, શૂરા મહારાજ. ધન્ય ધન્ય દિન આજ. વન૦ નિર૦
જય થયો આજે આખરે,
મળ્યા સહૂ. ધન્ય ધન્ય દિન આજ. વન૦ નિર૦

**વનરાજ**—તમારો બહૂ થયો અભાર.
હતો હુ નિરાધાર. તમા૦
પિતાનું મુખ જોયું નથી, આપજ તાત સમાન,
બાળક માનો આપનો, આ સહુ તમથી માન. તમા૦
માતા મામી હું નમું, બાળ તમારો આજ.
પ્રભુ પ્રતાપે સહુ મળ્યાં, મળ્યું રાજ ને તાજ. તમા૦

**વારાંગનાઓ**— ૭૭.

અમર રહો કીર્તી શુભ તારી, વનરાજ જયકારી. અ૦
દિન દિન ચઢતી કળા તમારી, વધો સદા સુખકારી. અ૦
નીતિ પ્રીતિથી રાજ્ય ચલાવો, જાઉં વારી વારી. અ૦

૭૮.

**સર્વ પાત્રો**—રે પ્રભુજી આખરે સત્ય ફત્તે થઇ ખરે,
સત્યમાં ફરે, કદી નહીં ડરે.
પાપી પાપમાં મરે, ધર્મી ધર્મથી તરે,
સહાય થઇ પ્રભૂ અરે સહાયતા કરે.
જય જય જય થયો વિજય રે,
સત્ય રહ્યું ને પતિવ્રતરે.
કરણી પાર ઉતરણીરે કરણી તેમ ભરણીરે,
જય થયો આ વનરાજ રાજનો ખરે.

—સમાપ્ત.—

સહુ શાન્ત અને સુનકાર ભાસે મને આ ઠાર,
હિમ્મત હવે તું જામ, જેથી થાય આ મુજ કામ.

**કાન્તા** ૭૦.

આ નગર થોડા વખતમાં પળવારમાં ઊંધું થશે,
છે શાપ સતિનો રાજ આ પળમાત્રમાં પડી ભાંગશે.
એ દુષ્ટના કુળનો થજો સંહાર, સતિ ત્રાસી કહે,
જે સત્યનાં વ્રત તોડતો, આશિઃ પછી શિ બિજી દિયે?

મણીલાલ નભુભાઇ.

**કાન્તા** ૭૧.

તું કાષ્ટ નથિ, પણ કાષ્ટનું વૈમાન છે શુભ સ્વર્ગનું;
આનંદ તુજને નિરખતાં વાધે ઘણો તુજમાં મળું;
તું લેઇ જા મુજને હવે પ્રિય પતિ જ્યાં વાસો વસે;
જ્યાં તેહ સહ મુજદેહ સહુ સુખ દુઃખ ત્યાંનાં અનુભવે.

મણીલાલ નભુભાઇ.

**સુરસેન**- ૭૨.

ધીરજ ધર પ્યારી ઓ મારી.
ધીરજ ધર પ્યારી મારી. બલિહારી ! તુજ રીત સારી.
ન્યારી વારી પ્રાણ પ્યારી. ધીરજ૦
ન કર ફિકર પ્રાણ, હાજર થયો હું જાણ.
પ્રાણ, પ્રાણ ! બની સાવધ ભેટ કર મારી. ધીરજ૦

**કાન્તા** ૭૩.

મુજ મનમાં આનંદ નહિ માયે, કો' કેમ પતિ મેં સહેવાયે?
વળિ અચરત મનમાં જે થાયે, તે કહેવાયે ન રહેવાયે. મુજ૦
હું જાગૃત છઉં કે સ્વપ્ન એ, પતિ નહિ તે મુજને સમજાયે.
નહિ સમજાયે,મન ગભરાયે, વળિ ભ્રમણે ચડિ ચિત અકળાયે,
આનંદથકી મન મલકાયે.સમજણ પડે નહિ,ગુંચવાયે. મુજ

**સુરસેન** ૭૪.

પ્યારી ! થયું સફળ સમજ સહુ કાજ.
પ્રાણધાર, હૈયાહારા તુજ પ્યાર સુખ કરનાર દુઃખ હરનાર.
ફરતાં ફ[illegible] પ્યા૦
મુજ રી[illegible] રી.

Opera
ID No. 043
Photo ID No.